## સંક્ષિપ્ત સમાચાર

### વાંસદાના ચારણવાડા ગામે 30 વર્ષીય યુવતીનો આપઘાત

વાંસદા: પોલીસ સૂત્રથી પ્રાપ્ત માહિતી મુજબ વાંસદા તાલુકાના શિલ્પાબેન શંકરભાઈ માહલા (ઉં.વર્ષ 30) જેઓનું બે વર્ષ પહેલા પથરી અને આંતરડાનું ઓપરેશન થયું હોય હતું. જેના કારણે તેઓ છેલ્લા ઘણા સમયથી ડિપ્રેશનમાં રહેતા હોય ઘરના રૂમમાં પંખા સાથે સાડી બાંધી ગળે ફાસો ખાય આપઘાત કરી લીધો હોવાની ફરિયાદ મરનારના પિતા શંકરભાઈ માહલાએ વાંસદા પોલીસ મથકે આપી હતી.

### ચીખલીના સારવણી ગામની મહિલાને શંકાસ્પદ ડેન્ગ્યુ, આરોગ્ય વિભાગ હરકતમાં

નવસારી, ઘેજ: સારવણી ગામની એક ૪૫-વર્ષીય મહિલા તાવમાં સપડાતા શરૂઆતમાં રાનકુવાની ખાનગી હોસ્પિટલમાં સારવાર બાદ ત્યાંથી રીફર કરાતા ચીખલીની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ મહિલાને શંકાસ્પદ ડેન્ગ્યુ જણાતા આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું હતું. તેના ઘરની આસપાસ ફોગીંગ કરવામાં આવ્યું હતું. વધુમાં આરોગ્ય વિભાગના અધિકારીઓએ ખાનગી હોસ્પિટલમાં મહિલા દર્દીની મુલાકાત લઈ માહિતી મેળવી સેમ્પલ લઈ તકેદારીના પગલા ભરવા કવાયત હાથ ધરી છે.

### વઘઈનાં કોયલીપાડા ખાતે ચેકડમ ઉપરથી પગ લપસી જતા આધેડનું પાણીમાં ડૂબી જતાં મોત

સાપુતારા: ડાંગ જિલ્લાનાં વઘઈ તાલુકાનાં કોયલીપાડા ગામ ખાતે રહેતા આધેડ જયેશભાઈ ગનુભાઈ પાડવી ખેતરે જવાનું કહી ઘરેથી નીકળ્યા હતા. જો કે ખેતરે જવાના રસ્તામાં ચેકડેમ આવતો હોવાથી ચેકડમ પરથી પસાર થતી વેળાએ આધેડનો પગ લપસી જવાથી પાણીમાં તણાઈ ગયા હતા. અહી પાણીમાં ડૂબી જવાથી આધેડનું મોત નિપજ્યુ હતુ. બુધવારે સવારે ચેકડેમના ઊંડા પાણીમાંથી તેમની લાશ મળી આવી હતી.

### એંધલ ગામે ટ્રકમાંથી 1.10 લાખ રૂપિયાનું વારનીસ લિક્વિડની ચોરી

નવસારી: નાની દમણ સ્થિત નીઝબા કોમ્પલેક્ષમાં રહેતા અને છૂટક ટ્રાન્સપોર્ટનો ધંધો કરતો ખાલીદ અનવર શેખ (ઉ.53) ગત તા.8/8/2024નાં રોજ ચાલક તહસીનખાન સાથે પોતાની ટ્રક નં.ડીડી.03-એલ-9259માં ભરૂચની પ્રેસિશન વાયર્સ ઇન્ડિયા લીમીટેડ કંપનીમાંથી 200 લીટર વાર્નીસ પ્રવાહી ભરેલા લોખંડનાં 4 ડ્રમ ભરી સેલવાસ ડિલિવરી કરવા નીકળ્યા હતા. દરમિયાન રાત્રે હાઇવે નં.48 ઉપર ગણદેવીનાં એંધલ ગામે સર્વોત્તમ હોટલ ટ્રક પાર્ક કરી જમ્યા હતા. તે બાદ કેબીન માં સુઈ ગયા હતા. સવારે ટ્રકમાંથી વાર્નીસ પ્રવાહી ભરેલું એક ડ્રમ ગુમ હોવાની જાણ થઈ હતી. ખાલીદે ગણદેવી પોલીસમાં રૂપિયા 1.10 લાખ કિંમતનું 200 લીટર વાર્નીસ પ્રવાહી ભરેલું ડ્રમ ચોરી અંગે ફરીયાદ નોંધાવી હતી.

### નવસારી જિલ્લામાં વરસાદી ઝાપટાં યથાવત

નવસારી : નવસારી જિલ્લામાં વરસાદી ઝાપટા યથાવત રહ્યા છે. જોકે દિવસ દરમિયાન વાતાવરણમાં ઉઘાડ રહ્યો હતો. નવસારી જિલ્લામાં એક દિવસ અગાઉ સાર્વત્રિક વરસાદ પડયો હતો. ત્યારે જિલ્લામાં ફરી વરસાદી માહોલ જામ્યો હોય તેમ લાગી રહ્યું હતું. પરંતુ ગત રોજ ફરી વરસાદી જોર ઘટી જતા માત્ર વરસાદી ઝાપટા જ પડયા હતા. નવસારી જિલ્લામાં જલાલપોર-ગણદેવી અને ખેરગામ તાલુકામાં 3-3 મિ.મી. વરસાદ નોંધાયો હતો. તેમજ વાંસદા તાલુકામાં 2 મિ.મી., નવસારી તાલુકામાં 1 મિ.મી. વરસાદ નોંધાયો હતો. પરંતુ ચીખલી તાલુકામાં વરસાદની ગેરહાજરી રહેતા કોરો રહ્યો હતો.

### ચીખલીનના સોલધરાની પ્રાથમિક શાળા દેશભક્તિથી ઝળકી ઊઠી



નવસારી, ઘેજ: ચીખલી તાલુકાની સોલધરા મુખ્ય પ્રાથમિક શાળામાં હર ઘર તિરંગા અંતર્ગત શાળામાં તિરંગા યાત્રા, રંગોળી સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, દેશભક્તિ ગીત, ચિત્ર સ્પર્ધા સહિતની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે તિરંગા યાત્રા યોજવામાં પણ યોજાઈ હતી. આ પ્રસંગે તલાટી ધર્મેશભાઈ પટેલ, સરપંચ જૈનિશભાઈ, શાળાની શિક્ષિકા બહેનો, આંગણવાડીની બહેનો, આરોગ્ય કર્મચારીઓ તેમજ ગ્રામજનો તિરંગા યાત્રામાં જોડાયા હતા.

### ડાંગ જિલ્લામાં 'વિશ્વ સ્તનપાન સપ્તાહ'ની ઉજવણી' કરવામાં આવી



ગીરીશ ભોયે

સાપુતારા: ડાંગ જિલ્લામાં 'વિશ્વ સ્તનપાન સપ્તાહ' ના શુભારંભ નિમિતે ગત તા.૧/૮/૨૦૨૪નાં રોજ ICDS શાખા દ્વારા, આહવા ઘટક કચેરીએ સગર્ભા માતા, ધાત્રી માતા, કિશોરીઓ અને આંગણવાડી કાર્યકરો બહેનોને, સ્તનપાનનાં મહત્વ અને આરોગ્ય-પોષણ શિક્ષણની જાગૃતિ લાવવા બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ચેરેમેનશ્રી, મહિલા અને યુવા સમિતી જિલ્લા પંચાયત આહવા, પ્રોગ્રામ ઓફિસર સીડીપીઓ, આહવા અને સુબીર આઇસીડીએસ સ્ટાફ હાજર રહ્યા હતા. આ 'વિશ્વ સ્તનપાન સપ્તાહ' દરમિયાન સ્તનપાનને સમર્થન આપવા માટે પ્રતિજ્ઞા, રેલી, પ્રભાત ફેરી અને PO, CDPO, MS અને આંગણવાડી કાર્યકર દ્વારા પ્રસુતિ ગૃહની મુલાકાત અને સગર્ભા, ધાત્રી માતાની ગૃહ મુલાકાત લઈ સ્તનપાનનાં મહત્વની અને આરોગ્ય-પોષણ વિશે સમજણ આપવામાં આવી હતી.

## સત્તાનો દુરૂપયોગ કરી ગ્રામ પંચાયતને નુકસાન કરવા બદલ કરોડ ગામના સરપંચ સસ્પેન્ડ

**હિરલભાઇ** હળપતિ વિરુદ્ધ કરોડોની રોયલ્ટી ચોરી બાબતે ફરિયાદ થઈ હતી

નવસારી: જલાલપોર તાલુકાના કરોડ ગામના સરપંચ વિરૂધ્ધ કરાયેલી ફરિયાદની તપાસ બાદ ડીડીઓ સત્તાનો દુરૂપયોગ કરી ગ્રામપંચાયતને નાણાંકીય નુકશાન કરવા બદલ કરોડ ગામના સરપંચ સસ્પેન્ડ કરી દીધા છે.

મળતી માહિતી મુજબ, જલાલપોર તાલુકાના કરોડ ગ્રામપંચાયતના સરપંચ હિરલભાઇ ભાણાભાઈ હળપતિ વિરૂધ્ધ કરોડો રૂપિયાની રોયલ્ટી ચોરી બાબતે ફરિયાદ કરવામાં આવી હતી. જે બાબતે જલાલપોર ટીડીઓને તપાસ સોંપી હતી. જેમાં કરોડ ગામે બ્લોક નં. 877 વાળું બાબુ તળાવ ખોદવા માટે મંજૂરી આપવામાં નાણાંકીય અનિયમિતતા આચરી હતી. તપાસ દરમિયાન તળાવ ખોદવા માટે ટેન્ડર પ્રક્રિયા અનુસરી તથા નક્કી કરાયેલા શરતોના ઠરાવમાં સરપંચની સહી ન હતી. કરોડ ગ્રામપંચાયત દ્વારા જલાલપોર તાલુકા પંચાયત કચેરીમાં કોઈ જાણકારી આપી ન હતી. તેમજ ઇજારદાર ટેન્ડરની ફી ભરવામાં આવી ન હતી. ગ્રામપંચાયત કક્ષાએ તપાસ કરતા કોઈપણ ટેન્ડર આવ્યું ન હોવાનું જણાયું હતું તેમજ અન્ય બાબતે પણ ક્ષતિઓ રજૂ કરાઈ હતી. આ સિવાય નવસારી ભૂસ્તરશાસ્ત્રી પાસેથી અહેવાલ મંગાવ્યો હતો. જેથી ટીડીઓએ જલાલપોર તાલુકાના વિકાસ અધિકારી અને ભૂસ્તરશાસ્ત્રી દ્વારા રજૂ કરાયેલા અહેવાલનું અવલોકન કરતાં કરોડ ગ્રામપંચાયતમાં સરપંચ હિરલભાઈએ સત્તાનો દુરૂપયોગ કરી નાણાંકીય અનિયમિતતા આચરવા બદલ કસૂરવાર ઠેરવ્યા હતા.

નવસારી જિલ્લા વિકાસ અધિકારીએ કરોડ ગ્રામપંચાયતમાં સરપંચ હિરલભાઈ હળપતિને સત્તાનો દુરૂપયોગ કરી ફરજ બજાવવામાં કસુર કરવા તેમજ ગ્રામપંચાયતને 5,29,816 રૂપિયાનું નાણાંકીય નુકશાન કરવા બદલ જવાબદાર ગણી ગુજરાત પંચાયત અધિનિયમ - 1993ની કલમ 57(1) હેઠળ સરપંચના હોદ્દા પરથી દૂર કરવાનો હુકમ કર્યો હતો.

## નવસારીની બાળકીએ યુટ્યુબ પરથી શીખી બે મહિનામાં દેશના સૈનિકો માટે રાખડી બનાવી

**2151** રાખડીઓ પોસ્ટ ઓફિસથી આર્મી હેડક્વાર્ટર મોકલી



નવસારી : નવસારીની 11 વર્ષની બાળકીએ યુટ્યુબ પરથી શીખી બે મહિનામાં દેશના સૈનિકો માટે રાખડી બનાવી હતી. આજે ૨૧૫૧ રાખડીઓ પોસ્ટ ઓફિસથી આર્મી હેડકવાર્ટર મોકલવામાં આવી છે.

આગામી 19મી ઓગષ્ટે રક્ષાબંધનનો તહેવાર આવી રહ્યો છે. રક્ષાબંધન ભાઈ-બહેનનો તહેવાર છે. જેમાં બહેન તેના ભાઈને રાખડી બાંધે છે. જેથી ભાઈ પણ તેની બહેનની રક્ષા કરવાનો સંકલ્પ લે છે. પરંતુ દેશની બોર્ડર પર ફરજ બજાવતા સૈનિકો રક્ષાબંધનનો પવિત્ર તહેવાર ઉજવી શકતા નથી. ત્યારે રક્ષાબંધનના સમયે કેટલીક બહેનો દેશના સૈનિકો માટે રાખડી મોકલે છે. જેથી નવસારીની એક બાળકીએ દેશના સૈનિકો માટે જાતે રાખડી બનાવી છે.

નવસારીમાં રહેતી અને ધોરણ 6માં અભ્યાસ કરતી સેજલ વનરાજ ભાલીયાને દેશની સરહદો પર ફરજ બજાવતા સૈનિકો પ્રત્યે ઘણો આદર છે. અને પ્રેમ કરે છે. સેજલ પોતે પણ દેશ સેવાની ભાવના રાખે છે. જોકે સેજલે દેશના સૈનિકો માટે રક્ષાબંધન માટે 2 મહિના અગાઉથી તૈયારી શરુ કરી દીધી હતી.

સેજલે રાખડી બનાવવા માટે યુટ્યુબ પર વિડીયો જોવાનું શરુ કર્યું હતું. જે વિડીયો જોઈ સેજલ રાખડી બનાવવાનું શીખી હતી. ત્યારબાદ સેજલે તેના પિતા પાસેથી 2 હજાર રૂપિયા લઈ રાખડી બનાવવાનો સામાન લાવી હતી. અને સેજલે ધીમે-ધીમે દેશના સૈનિકો માટે 2151 રાખડીઓ તૈયાર કરી દીધી હતી. આજે સેજલ 2151 રાખડીઓ દેશના સૈનિકોને મોકલવા માટે નવસારી પોસ્ટ ઓફીસ ખાતે પહોંચી હતી. જ્યાં પોસ્ટ ઓફીસના કર્મચારીઓને સેજલ વિષે જાણવા મળતા તમામે સેજલના પ્રયાસને વધાવી લીધો હતો.

## આહવાના લિંગા ગામનાં માજી સરપંચ અને પુત્ર સામે પોલીસ ફરિયાદ

**પુત્ર** સાથેની બોલાચાલીની અદાવતમાં માતાને માર માર્યો

સાપુતારા: ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાનાં લીંગા ગામ ખાતે અગાઉ થયેલ બોલાચાલી અંગેની અદાવતમાં બે શખ્સોએ 56 વર્ષીય મહિલાને કુહાડીના દંડા વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ પોલીસ ચોંપડે નોંધાયો હતો.

લિંગા ગામ ખાતે રહેતા સારીબેન શુકર્યાભાઈ પવાર (ઉ. વ.56)નાં દીકરા સાથે તેમના જ ગામમાં રહેતા માજી સરપંચ સોમનભાઈ ફુલસિંગભાઈ સૂર્યવંશી અને તેનો પુત્ર સુશીલભાઈ સોમભાઈ સૂર્યવંશી વચ્ચે અગાઉ કોઈક બાબતે બોલાચાલી થઈ હતી. જે બાબતનું મન દુઃખ રાખી માજી સરપંચ સોમનભાઈ સૂર્યવંશી અને તેનો પુત્ર સુશીલ ભાઈ સૂર્યવંશીએ સારીબેન શુકર્યાભાઈ પવારનાં ઘરે આવી તેણીને અશ્લીલ ગાળો આપી હતી.

મહિલાએ અશ્લીલ ગાળો બોલવાની ના પાડતા માજી સરપંચ સોમનભાઈ સૂર્યવંશીએ ઉશ્કેરાઈ જઈ મહિલા સારીબેનને પકડી રાખી હતી અને તેની સાથે આવેલ પુત્ર સુશીલભાઈ સૂર્યવંશીએ તેમને કુહાડીના દંડા વડે ડાબા હાથમાં ફટકો મારી તથા ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની પણ ધમકી આપવામાં આવી હતી.

મહિલાને માર મારવામાં આવતા ઈજાગ્રસ્ત હાલતમાં આહવા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ઘટના અંગે બંન્ને શખ્સો સામે સાપુતારા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી.

## ખનીજ વહનના ભાડામાં દસ ટકાની આસપાસ ભાવવધારો જાહેર કરાયો

**ખાલી** ગાડીઓનું વજન એક સમાન કરાતા દક્ષિણ ગુજરાતના વિવિધ ટ્રક ઓનર્સ એસો.ની બેઠકમાં લેવાયો નિર્ણય



નવસારી, ઘેજ: ટ્રક ઓનર્સ એસોસિએશનની યોજાયેલી બેઠકમાં વારંવારની રજુઆત બાદ સરકારના તમામ માલ વાહક ખાલી ગાડીઓનું વજન એક સમાન કરવાના નિર્ણયને આવકર્યો હતો.

ચીખલીમાં વલસાડ સેન્ડ યુનિયનના પ્રમુખ તઝમૂલહુસેન પીપીયા, સુરત ટ્રક એસોસિએશનના પ્રમુખ જગદીશભાઈ મેર, ચીખલી-ગણદેવી વિભાગ ટ્રક ઓનર્સ વેલફેર એસોસિએશન પ્રમુખ રાજેન્દ્રસિંહ પરમાર, ઉપ પ્રમુખ પરેશભાઈ દેસાઈ સહિતના હોદ્દેદારો અને સભ્યોની યોજાયેલી બેઠકમાં ખનીજ વહનના વ્યવસાયની વર્તમાન સ્થિતિ અંગે વિસ્તુત ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં આજ સુધી જે ખાલી ગાડીનું ટાયરના વજનમાં અસમાનતા હતી, જેને પગલે આજુબાજુના રાજ્યોમાં ચાલતી મનમાની અંગે એસોસિએશન દ્વારા સરકારમાં અવાર નવાર રજુઆત કરાઈ હતી.

સરકાર દ્વારા તમામ માલ વાહક ખાલી ગાડીનું વજન એક સમાન કરવાના નિર્ણયને હર્ષભેર આવકારવામાં આવ્યો હતો.

તમામ માલ વાહક ખાલી ગાડીઓનું વજન એક સમાન કરાતા પહેલાની સરખામણીએ રોયલ્ટી ઓછી મળતાં વહનના વર્તમાન ભાવો પરવડે તેમ ન હોય રેતી, કપચી સહિતના ખનીજ વહનના ભાડામાં ટન દીઠ દસ ટકાની આસપાસ શેર વિસ્તાર મુજબ ભાવ વધારો પણ જાહેર કરવામાં આવ્યો હતો.

## બીલીમોરાની વિદ્યાર્થિનીને મોબાઈલ પર અશ્લીલ ફોટા મોકલનાર યુવક સામે પોલીસ ફરિયાદ

બીલીમોરા: બીલીમોરામાં રહેતી ૧૫ વર્ષીય વિદ્યાર્થિનીને મોબાઈલ ઉપર અશ્લીલ ફોટા મોકલી શરીર સંબંધની માંગ કરતા યુવક સામે તરુણીનાં પરિવારે પોલીસમાં ફરીયાદ નોંધાવી હતી.

બીલીમોરાની ધો. 10માં અભ્યાસ કરતી 15 વર્ષીય તરુણીના મોબાઈલ વોટ્સએપ ઉપર આવેલા અશ્લીલ મેસેજ, ફોટા જોતા પરીવારે પૂછપરછ કરી હતી. તરુણીએ જણાવ્યું હતું કે સૂરજ ઉર્ફે સુરો છેલ્લા બે વર્ષથી તેના મોબાઈલ ઉપર આવી રીતે ફોટા મોકલાવી લગ્ન કરવા કહે છે અને શરીર સંબંધની માંગ કરે છે. જેની જાણ થતાં તરુણીનાં પરીવારે બીલીમોરા પોલીસનો સંપર્ક કરી સૂરજ ઉર્ફે સુરો નાગજી બગડા વિરુદ્ધ ફરીયાદ નોંધાવી હતી. પોલીસે પોકસો અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ હેઠળ ગુનો નોંધી સૂરજની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

## નવસારીમાં 14 વર્ષીય તરુણે ફાંસો ખાઈ આપઘાત કર્યો

નવસારી : નવસારીમાં તરુણે ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યાનો બનાવ વિજલપોર પોલીસ મથકે નોંધાયો છે. નવસારીના છાપરા રોડ વિસ્તારમાં ઓમ બંગ્લોઝમાં અનિલભાઈ તેમની પત્ની, દીકરી અને દીકરા સાથે રહે છે અને કરિયાણાની દુકાન ચલાવી પોતાના ઘરનું ગુજરાન ચલાવે છે. ગત રોજ સાંજે અનિલભાઈના દીકરા (ઉ.વ. 14) એ પોતાના ઘરે કોઈ અગમ્ય કારણસર પંખા સાથે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પરિવારજનો ઘેરા આઘાતમાં સરી પડ્યા હતા. આ બનાવ અંગે વિજલપોર પોલીસે લાશનો કબ્જો લઈ પી.એમ. અર્થે મોકલી અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.











